તાપમાન
મહત્તમ : ૨૫.૮ ડીગ્રી
લઘુતમ : ૯.૫ ડીગ્રી
ભેજ
સવારે ૪૫ ટકા ● સાંજે ૩૨ ટકા

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૨૮૪ | ૨૫ ડિસેમ્બર, ૨૦૧૫, શુક્રવાર ; માગશર સુદ - ૧૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ફટાફટ ન્યુઝ

- બેંકોમાં લાંબી રજાઓના લીધે એટીએમ પર ભીડ
- ભ્રષ્ટાચાર પ્રશ્ને મોદી હવે મૌન છે : રાહુલનો આક્ષેપ
- હવે ગંગાની સપાટીને સ્વચ્છ કરવાનુ કામ ટુંકમાં શરૂ થશે
- ડીડીસીએમાં ભ્રષ્ટાચાર વિરૂદ્ધ જ લડાઈ છે : આઝાદનો દાવો
- કુમારે કોન્ટ્રાક્ટ સાથે ચેડા કર્યા હતા : સીબીઆઈનો દાવો
- બહિષ્કાર છતાં દિલવાલેની કમાણી ૨૦૦ કરોડ નજીક
- રાહુલ યુપીમાં સાથી પક્ષો શોધે છે : ભાજપનો દાવો
- કોંગ્રેસ અને કેજરીવાલ પર અરૂણ જેટલીના આકરા પ્રહાર
- ભારતીય રેલવેમાં હાલમાં ૧૮૨૫૨ જગ્યા ખાલી છે

# આજથી રેલ યાત્રા મોંઘી

નવી દિલ્હી,તા. ૨૪

પેસેન્જર રેવન્યુ વસુલાતને વધારી દેવાના હેતુસર રેલવે દ્વારા



તત્કાલ ટિકિટના દરમાં વધારો કરવામાં આવ્યો છે. આની સાથે જ રેલવે યાત્રીઓ પર વધારે બોજ ઝીંકી દેવામાં આવ્યો છે. યાત્રી ભાડામાં વધારાની સીધી અસર સામાન્ય લોકો ઉપર થશે. ખાસ કરીને વારંવાર યાત્રા કરતા લોકો ઉપર સૌથી વધારે અસર થશે. રેલવે દ્વારા છેલ્લા કેટલાક સમયથી યાત્રી સુવિધાઓને વધારવા માટે વિવિધ પગલા લેવાઈ રહ્યા છે. આ દિશામાં હવે નવી પહેલ કરવામાં આવી છે. રેલવે દ્વારા ફરી એકવાર યાત્રી ભાડામાં વધારો ઝીંકી દીધો છે. રેલવે દ્વારા તત્કાલ ટિકિટની કિંમતમાં વધારો કરી દીધો છે. સ્લીપર ક્લાસ માટે તત્કાલ ટિકિટના બુકિંગ માટે

**તત્કાલ ટિકિટના ચાર્જમાં વધારો થયો : સ્લીપર ક્લાસના તત્કાલ ટિકિટ બુકિંગ કરવા માટે હવે ૧૭૫ રૂપિયા વધારાના ચુકવવાના બદલે ૨૦૦ રૂપિયા ચુકવવા પડશે : એસી ક્લાસના ભાડા વધ્યા**

રેલવે યાત્રીઓને હવે રૂપિયા ૧૭૫ના બદલે વધારાના ૨૦૦ રૂપિયા ચુકવવા પડશે. નવા ભાડા આવતીકાલથી એટલે કે ૨૫મી ડિસેમ્બરના દિવસે અમલી કરવામાં આવનાર છે. રેલવેએ કહ્યુ છે કે રેલવે યાત્રી મારફતે થતી આવકને વધારી દેવાનો નિર્ણય કર્યો છે. રેલવે દ્વારા જારી કરવામાં આવેલી માહિતી મુજબ એસીની તત્કાલ ટિકિટના ભાડામાં પણ વધારો કરવામાં આવ્યો છે. થર્ડ એસીના ભાડામાં મહત્તમ ૪૦૦ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો છે. આ અગાઉ તે ૩૫૦ રૂપિયા હતુ. આ ઉપરાંત પણ લઘુતમ ભાડુ રૂપિયા ૨૫૦ના બદલે વધારીને ૩૦૦ રૂપિયા કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. સ્લીપર ક્લાસમાં તત્કાલ ટિકિટ બુક કરવા માટે લઘુત્મ ૯૦ રૂપિ વધારે લેવામાં આવતા હતા જેના વધારીને હવે ૧૦૦ રૂપિયા કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. લઘુત્તમ અને મહત્તમ ચાર્જ અંતરના આધાર પર નક્કી કરવામાં આવે છે. ખાસ કરીને એસી ક્લાસમાં મુસાફરી કરનાર રેલવે યાત્રીઓને મોટો ફટકો પડ્યો

● અનુસંધાન પાના - ૫ પર

# સુબ્રમણ્ય સ્વામી આઝાદના સમર્થનમાં

નવીદિલ્હી,તા. ૨૪

ભાજપમાંથી સસ્પેન્ડ કરવામાં



આવેલા કિર્તી આઝાદ હવે નિરાશ દેખાઈ રહ્યા છે. જવાબ આપવામાં તેમની મદદ કરવામાં સુબ્રમણ્યમ સ્વામી હવે આગળ આવ્યા છે. જવાબ માટે ડ્રાફ્ટ તૈયાર કરવામાં સુબ્રમણ્યમ સ્વામી મદદરુપ બન્યા છે. આઝાદના બચાવમાં સુબ્રમણ્યમ સ્વામી આવ્યા છે. સુબ્રમણ્યમ સ્વામીનું કહેવું છે કે, ભાજપે કિર્તી આઝાદ જેવા ઈમાનદાર નેતાને ગુમાવવા જોઈએ નહીં. કિર્તી આઝાદની દરેક રીતે

**કિર્તી આઝાદની અડવાણી, જોશી અને સિંહા સાથે ચર્ચા : ભાજપે કિર્તી આઝાદ જેવા ઈમાનદાર લીડરને ગુમાવવા જોઈએ નહીં : સ્વામી : નોટિસનો જવાબ આપવામાં મદદ**

મદદ કરવાની ખાતરી આપી છે. કિર્તી આઝાદે એક ચેનલ સાથેની વાતચીતમાં કહ્યું છે કે, પાર્ટી તરફથી તેમને નોટિસ મળી ચુકી છે. સુબ્રમણયમ સ્વામી જવાબ આપવામાં તેમની મદદ કરી રહ્યા છે. સ્વામી પણ કહી ચુક્યા છે કે, ડ્રાફ્ટ નોટિસ તૈયાર કરવામાં તેઓ મદદ કરી ચુક્યા છે. કિર્તી આઝાદને એ સમયથી ઓળખે છે જ્યારે ક્રિકેટર તરીકે હતા. કિર્તી આઝાદના પિતા



પણ સુબ્રમણ્યમ સ્વામીના સારા મિત્ર રહી ચુક્યા છે. આઝાદે

● અનુસંધાન પાના - ૫ પર

# આજે બાજપાઈનો જન્મ દિવસ સુશાસન દિવસ તરીકે ઉજવાશે

નવી દિલ્હી,તા. ૨૪

દેશના ભૂતપૂર્વ વડાપ્રધાન અટલ બિહારી બાજપાઈના જન્મદિવસને જોરદાર રીતે ઉજવવા માટેની તમામ તૈયારી કરી લેવામાં આવી છે. આવતીકાલે વાજપેયીના જન્મદિવસને સુશાસન દિવસ તરીકે મનાવવા માટે ભાજપ દ્વારા નિર્ણય કરવામાં આવ્યો છે. બાજપાઈના જન્મદિવસે વિવિધ કાર્યક્રમો ભાજપ દ્વારા આયોજિત કરવામાં આવનાર છે. કેટલીક યોજના પણ જાહેર કરવામાં આવી શકે છે. ૨૫મી ડિસેમ્બર ૧૯૨૪ના દિવસે જન્મેલા વાજપેયી ભારતીય રાજકારણના સર્વોચ્ચ નેતા પૈકીના એક તરીકે રહ્યા છે. તેમના શાનદાર શાસનની આજે પણ નોંધ લેવામાં આવે છે.સૌથી પહેલા વર્ષ ૧૯૯૬માં તેમની સરકાર માત્ર



૧૩ દિવસ સુધી ચાલી હતી. ત્યારબાદ વર્ષ ૧૯૯૮થી વર્ષ ૨૦૦૪ સુધી તેઓ દેશના વડાપ્રધાન તરીકે રહ્યા હતા. સંપૂર્ણ પાંચ વર્ષ સુધી દેશના વડાપ્રધાન તરીકે રહેનાર તેઓ કોંગ્રેસ સિવાયની પાર્ટીના પ્રથમ વડાપ્રધાન હતા.

આશરે ચાર દશકોતી તેઓ એક સંસદ સભ્ય તરીકે રહ્યા હતા. વાજપેયી નવ વખત લોકસભા અથવા તો નીચલા ગૃહ માટે ચૂટાઇ આવ્યા હતા. તેઓ ઉત્તરપ્રદેશના લખનૌમાંથી સંસદ સભ્ય તરીકે રહ્યા હતા. વર્ષ ૨૦૦૯ સુધી સભ્ય તરીકે હતા. ત્યારબાદ તેઓ સક્રિય રાજકારણમાંથી આરોગ્યના કારણે નિવૃત થઇ ગયા હતા. વાજપેયીને ભાજપના સ્થાપક સભ્યો પૈકી એક તરીકે ગણવામાં આવે છે. મોરારજી દેસાઇ કેબિનેટમાં તેઓ વિદેશ પ્રધાન તરીકે રહ્યા હતા. જ્યારે જનતા સરકારનુ પતન થયું ત્યારે બાજપાઈએ વર્ષ ૧૯૮૦માં ભારતીય જનતા પાર્ટી તરીકે જનસંઘની ફેરરચના કરી હતી.

# રાજ્યમાં કોલ્ડવેવ અકબંધ

ગુજરાતમાં કોલ્ડવેવની સ્થિતિ યથાવતરીતે જારી રહી છે. ઠંડા પવનોના પરિણામ સ્વરુપે લોકોની હાલત કફોડી બની ગઈ છે. કડકડતી ઠંડીનો અનુભવ લોકો કરી રહ્યા છે. ગઈકાલની સરખામણીમાં નલિયામાં લઘુત્તમ તાપમાનમાં ઉલ્લેખનીય ઘટાડો થયો હતો અને તાપમાન ઘટીને ૭.૪ ડિગ્રી થઈ ગયું હતું. જો કે, આજે ગાંધીનગરમાં ૯.૫ અને અમદાવાદમાં ૧૦ ડિગ્રી નોંધાયું હતું. આ સ્થિતિ હાલ યથાવત રહેવાના સંકેત દેખાઈ રહ્યા છે. પ્રદેશ ઉપર નીચલી સપાટીએ ઉત્તર પૂર્વીય ઠંડા પવનો ફુંકાઈ રહ્યા છે.













